Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પોષ

પુસ્તક ૯૧ મું

અંક ૩

૭ મી ફેબ્રુ.

૧૯૭૫



આજે હજી વિચરતા પ્રભુ હોય એવો
આભાષ થાય અમને મનમાંહિ તેવો
આનંદની લહરિઓ જગમાં પ્રસારી
તે વીરના ચરણમાં લગની અમારી

મારતર શા. હે. દેસાઇ

પોષ

વીર સંવત

૨૫૦૧

વિ. સંવત

૨૦૩૧

:- પ્રગટ કર્તા -:

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अनुक्रमणिका


| ક્રમ | લેખ | લેખક | પા.નં. |
|---|---|---|---|
| ૧. | નિરાશા | ....વસંત | ૩ |
| ૨. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | ....લેખક : શરણાર્થી | ૪ |
| ૩. | શ્રી જૈન રામાયણ | ....શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૫ |
| ૪. | ધર્માત્મા પૂ. કુંવરજીભાઈ આણંદજી | ....અમરચંદ માવજી શાહ | ૭ |
| ૫. | અંચલગચ્છના પ્રથમ મહત્તરા સા. સમયશ્રી | ....શાહ કરમશી ખેતશી ખોના | ૯ |
| ૬. | પાંચ આશય સ્વરૂપ | ....મુનિ વિવેકચંદ્રવિજય મ. સા. | ૧૩ |
| ૭. | જૈનોના પર્વો અને તેનો ટુંકો ઈતિહાસ | ...સ્વ. વકીલ ડાયાભાઇ મોતીચંદભાઈ | ૧૪ |
| ૯. | ધર્મદત્ત અને સુરૂપાની કથા | ....શ્રી ધમ્મિલકુમાર ચરિત ભાષાંતરમાંથી | ૧૫ |
| ૮. | વિશ્વમાન્ય ધર્મ (દોહરા) | ....શાહ ચતુર્ભુજ હરજીવનદાસ | ૧૬ |



રજીસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ સરકારી નિયમ ૮ પ્રમાણે "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધ સ્થળ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો-ભાવનગર

૨. પ્રસિદ્ધક્રમ : દર અંગ્રેજી મહિનાની સાતમી તારીખે.

૩. મુદ્રકનું નામ : ગાંધી ફતેચંદ ખોડીદાસ, પ્રો. અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર
કયા દેશના ભારતીય

૪. પ્રકાશકનું નામ : જયંતીલાલ મગનલાલ શાહ, ઠેકાણું-શ્રી જૈન ધર્મપ્રસારક સભા
કયા દેશના-ભારતીય.

૫. તંત્રીનું નામ : ઉપર પ્રમાણે


૬. માસિકના માલિકનું નામ : **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા,** કાંટાવાળો ડેલો-ભાવનગર

હું જયંતીલાલ મગનલાલ શાહ આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૭-૨-૭૫ **જયંતીલાલ મગનલાલ શાહ.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૧ મું
અંક ૩ મો | પોષ | વીર સં. ૨૫૦૧
વિક્રમ સં. ૨૦૩૧

# નિરાશા ( ગઝલ )

અમે હાર્યા તમારાથી, હવે ફાંટો નથી બાકી
ગયું પાણી ફુવારાથી, હવે છારો નથી બાકી,
બનીને મર્દ પાડી બુમ, ફાટયા કાન દુનિયાના
હવે હાથો પડયા હેઠાં, નથી ઘાંટો રહ્યા બાકી,
નસોમાં ઝેર રેડીને, સુકાવ્યું ખુન દુશ્મનનું
ગયા તે હાડના સાંધા, હવે કાંટો નથી બાકી,
ગગન ભેદી દીવાલોને. ગજાવી અંતરાલે ત્યાં
તણાયા પાણીમાં પાણા, હવે વાંટો નથી બાકી,
ઉડયા આકાશમાં ઉંચે, ચડયા વાયુ તણે ઘોડે.
પડયા હેઠા હજારોમાં, હવે શંટો નથી બાકી,
જગત જોશે હજારો. આંખથી જે આસુડા દ્રહેશે.
નથા ને શું વધુ ખોશે? હવે આંટો નથી બાકી,

—વસંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ

( ગયા અંકથી ચાલુ )

લેખક : શરણાર્થી

શ્રી શંખેશ્વરાપાર્શ્વનાથાય સદૈવાકોટિંન નયન



ઋષભતો જ્ઞાનથી સમજતા હતા કે "કાચુ અનાજ ખાવાથી પેટમાં દુ:ખ થાય" છતા અગ્નિ ઉત્પન્ન થવાનો સમય આવ્યો ન હતો, જેથી તેમણે કહ્યું કે "તમે તેને ચોળીને ફોતરા કાઢી નાંખીને ખાઓ."

કેટલા દિવસ પછી તેમ કરવાથી પણ આહાર પાચન થતા નહી જેથી ઋષભ આગળ પુન ફરીયાદ કરવા આવ્યા, ત્યારે ઋષભે ફરીને કહ્યું કે તમે એને ચોળી ફોતરા કાઢી નાખીને હાથમાં ઘસી અથવા મુઠીમાં રાખી મુખમાં રાખીને તેને ગરમાવો આપ્યા પછી ખાઓ એટલે સુખ થશે."

તેમ કરવાથી પણ લોકોને પણ સુખ ન થયું અને યુગલીકો દુખી દુખી થઇ ગયા. જેથી વારંવાર ઋષભ આગળ ફરીયાદ કરવા આવ્યા, એક દિવસ વૃક્ષની શાખાના પરસ્પર ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થયો. અને તૃણકાષ્ટાદિકને બાળવા લાગ્યો. લોકો યુગલીયાઓ પ્રકાશમાન રત્નના ભ્રમથી તેને પકડવા લાગ્યા પણ તેથી તો તેમના હાથ બળવા લાગ્યા, જેથી ફરીયાદ કરવાને તેઓ એકદમ ઋષભ પાસે દોડવા લાગ્યા "ઋષભ! વનમાં કોઇ નવીન અસુર ઉત્પન્ન થયો છે. જે અમને દુઃખ આપે છે. પકડવા જાઇ પકડતાં પણ નથી." ઋષભે જ્ઞાનથી જાણ્યુ? "સ્નિગ્ધ અને રૂક્ષ કાળના પ્રભાવે-દોષે ફરીને તેના મળવાથી અગ્નિ ઉત્પન્ન થયો છે.

કેમકે એકાંત રૂક્ષકાલ કે એકાન્ત સ્નિગ્ધ કાલનાં અગ્નિ ઉત્પન્ન થતો નથી પછી તેનો વિધી બનાવ્યો. અને અનાજને તેમાં પકાવીને કેમ ખાવું તે શીખવ્યું ભોળા યુગલીકો વનનીએ ખાવા યોગ્ય ઔષધીઓ અગ્નિમાં નાંખીને તેની પાસે પાછી માગવા લાગ્યાં. પણ તેતો બળીને ભસ્મ થઇ ગઇ. જેથી પાછા ફરીયાદ કરવાને ઋષભ પાસે દોડી આવ્યા.

એ સમયે ઋષભ હાથી ઉપર બેસીને બહાર ઉદ્યાન તરફ ફરવા જતા હતા ત્યાં


(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) —શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રમાંથી



તેમાં अजैर्यष्टव्यं એ શબ્દનો 'મેંઢાથી યજ્ઞ કરવો' એવો અર્થ તે શિખવતો હતો તે સાંભળી મેં તેને કહ્યું-" અરે ભાઈ! ભ્રાંતિથી તું આવું જૂઠું કેમ બોલે છે? આપણા ગુરુએ તો અજ પદનો અર્થ એવો બતાવ્યો છે કે ત્રણ વર્ષનું જૂનું ધાન્ય કે જે ફરી વાર ઊગતું નથી તે अज्ञ કહેવાય છે કારણ કે તેની વ્યુત્પત્તિ એવી છે કે "न जायते इति अज्ञा" જે ન ઉત્પન્ન થાય (ઊગે નહીં) તે अज्ञ કહેવાય છે. આ પ્રમાણે આપણા ગુરુએ બતાવેલી વ્યાખ્યા તું શા માટે ભૂલી ગયો?" પર્વત બોલ્યો કે-'મારા પિતા-(ગુરુ)એ એવું કહ્યું જ નથી તેમણે તો अज्ञनो અર્થ 'મેષ' (મેંઢો) જ કહેલો છે, અને નિઘંટુ (કોષ)માં પણ તેમજ છે.' મેં કહ્યું કે-'શબ્દોના અર્થોની કલ્પના મુખ્ય અને ગૌણ એમ બે પ્રકારની હોય છે, તેમાં ગુરુએ અહીં ગૌણ અર્થ કહેલો છે. વળી ગુરુ ધર્મનો જ ઉપદેશ કરનાર હોય છે અને ધર્માત્મક વચન તે જ વેદ કહેવાય છે; માટે હે મિત્ર! તે બંનેને અન્યથા કરીને તું પાપ ઉપાર્જન કર નહિ.' ત્યારે પર્વત આક્ષેપથી બોલ્યો -'અરે! ગુરુએ તો अज्ञ શબ્દનો અર્થ મેંઢો જ કહેલો છે, તે છતાં ગુરુનો ઉપદેશ અને શબ્દનો અર્થ બોલતા નથી માટે આપણા વચ્ચે પોત-પોતાના પક્ષનું સ્થાપન કરવામાં જે ખોટો ઠરે તેની જિહ્વા છેદવાની પ્રતિજ્ઞા થાઓ; અને આપણા બંનેની વચ્ચે આપણા સહાધ્યાયી અને સત્યવાદી વસુરાજાને પ્રમાણિક ઠરાવો.' તે સાંભળી મેં તે પ્રમાણે કબૂલ રાખ્યું, કારણ કે સત્યવાદીઓનેક્ષોભ હોતો નથી.

આ પ્રતિજ્ઞાની ખબર થતાં પર્વતને તેની માતાએ એકાંતમાં કહ્યું કે-" હે પુત્ર! 'अज्ञ એટલે ત્રણ વર્ષનું ધાન્ય' એવું મેં પણ તારા પિતા પાસેથી ઘરનું કામકાજ કરતાં સાંભળ્યું હતું; તેથી તેં ગર્વથી જે આ જિહ્વા છેદવાની પ્રતિજ્ઞા કરી તે સારૂં કર્યું નથી; કારણ કે અવિચારિત કાર્યના કરનારા વિપત્તિનું સ્થાન થઈ પડે છે." પર્વત બોલ્યો કે-'હે માતા! હું તો પ્રતિજ્ઞા કરી ચૂકયો છું તેથી હવે જે થયું તે થયું; મારો નિશ્ચય ફરવાનો નથી.' પછી પોતાના પુત્ર પર્વતને પ્રાપ્ત થવાનાં કષ્ટની પીડાથી હૃદયમાં આકુળવ્યાકુળ થતી તેની માતા વસુરાજા પાસે આવી, કારણ કે પુત્રને માટે પ્રાણી શું ન કરે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર્વતની માતાને જોઇ વસુરાજા બોલ્યો-'હે માતા ! આજે તમારા દર્શનથી મારે ક્ષીરકદંબ ગુરુના દર્શન થયા છે. કહો, તમારું હું શું કામ કરું ? અથવા તમને શું આપું ?' તે બોલી-'હે રાજા ! મને પુત્રરૂપ ભિક્ષા આપો હે વત્સ ! પુત્ર વિના મારે બીજાં ધનધાન્ય શા કામનાં છે ?' વસુ બોલ્યો-"માતા ! તમારો પુત્ર પર્વત મારે પાળવા યોગ્ય અને પૂજવા યોગ્ય છે, કારણ કે ગુરૂની જેમ ગુરૂના પુત્રની સાથે પણ વર્તવું જોઇએ' એમ વેદ કહે છે.

હે માતા ! આજે અકાળે રોષ ધરનારા કાળે કોનું પાનું ઉખેળ્યું છે ? મારા ભાઈ પર્વતને કોણ મારવા ઇચ્છે છે? કહો તમે કેમ આતુર થઈ ગયા છો ? આ પ્રમાણે પૂછવાથી તેણે अज શબ્દની વ્યાખ્યાનું વૃત્તાંત, પુત્રની પ્રતિજ્ઞા અને તેમાં તમારૂં પ્રમાણિક પણું-એ સર્વ વાતો જણાવી અને પ્રાર્થના કરી કે-"વત્સ ! તારા ભાઈ પર્વતની રક્ષા કરવાને માટે તું 'अज' શબ્દનો અર્થ 'મેંઢો' એવો કર; કારણ કે મોટા પુરૂષો પ્રાણથી પણ બીજાનો ઉપકાર કરે છે તો વચનથી કેમ ન કરે ?" તે સાંભળી વસુરાજા બોલ્યો-'હે માતા ! હું મિથ્યા વચન શા માટે બોલું ? કારણ કે સત્યવાદી પુરૂષો પ્રાણનો નાશ થાય તો પણ અસત્ય બોલતા નથી.

પાપથી ભય પામનારા પુરૂષે સામાન્ય પણ અસત્ય બોલવું નહિ, તો આ ગુરૂની વાણીને અન્યથા કરવાવાળી કુટ સાક્ષી આપવી તેની તો શી વાત કરવી? માતાએ કહ્યું 'કાં તો ગુરૂના પુત્રનું માન રાખી તેને બચાવ અથવા સત્યવ્રતનો આગ્રહ રાખી ગમે તે કર' આવાં સરોષ વચન સાંભળીને વસુએ ગુરૂપુત્રનું માન રાખવાનું કબૂલ કર્યું, એટલે ક્ષીરકદંબ ગુરૂની પત્નિ હર્ષ પામીને પોતાને ઘેર આવી. પછી હું અને પર્વત બંને વસુરાજાની પર્ષદામાં ગયા.

વસુરાજાની સભામાં મધ્યસ્થ ગુણવડે શોભનારા સભ્યજનો અને સત્‌અસત્‌ વાદરૂપ ક્ષીર અને નીરનો ભેદ કરવામાં હંસ જેવા વાદીઓ એકઠા મળેલા હતા. વસુરાજા ગગનમાં ચંદ્રની જેમ પેલી આકાશ જેવી સ્ફટિક શિલાની વેદી પર રહેલા સિંહાસન પર સભાપતિ થઇને બેઠો હતો. તેમને મેં અને પર્વતે अज શબ્દની વ્યાખ્યાનો પોતપોતાનો જે પક્ષ હતો તે કહી સંભળાવ્યો, અને કહ્યું કે-'હે સત્યવાદી! આમાં જે સત્ય હોય તે કહો.' તે વખતે બીજા વૃદ્ધ વિપ્રોએ રાજાને કહ્યું કે-'હે રાજા ! આ વિવાદ તો તમારી ઉપર જ છે. ભૂમિ અને આકાશમાં સૂર્યની જેમ આ બંને વચ્ચે તમે પ્રમાણિક સાક્ષી છો. ઘટ વિગેરે જે દશ દિવ્ય* છે તે સત્યથી રહેલા છે. સત્યથી રહેલા મેઘ વર્ષે છે અને સત્યથી દેવતા સિદ્ધિ થાય છે. હે રાજા ! તમારાથી જ આ સર્વ લોક સત્યમાં રહેલો છે, તેથી આ વિષે તમને શું કહીએ ? જે તમારા સત્ય વ્રતને યોગ્ય હોય તે કહો." આવા વચન સાંભળ્યા છતાં પણ પોતાની સત્યપણાની પ્રસિદ્ધિને છોડી દઇને વસુરાજાએ કહ્યું- (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્માત્મા પૂ. શ્રી કુંવરજીભાઇ આણંદજી.

## અંતિમ જીવનયાત્રાનો પ્રસંગ....

(ગયાઅંકનું ચાલુ)

લેખક:-અમરચંદ માવજી શાહ

દાદા કહે અમરચંદ તારી વાત સાચી છે પણ ઘેર બેઠા બેઠા એટલા સમય પસાર થાય નહિ. અકળામણ થાય એટલે કોઇ આવે, બેસે, વાંચે, સમય પસાર થાય, અને આનંદ આવે મેં જણાવ્યું કે દાદા મને આશ્ચર્ય થાય છે કે તમે તો શાસ્ત્રોને જીંદગી ભર વાંચ્યા છે અમ્રત પીઇને બેઠા છો તમોએ સેવાપુજા ભકિતમાં જીવન ગાળ્યું છે. પુજ્ય ગુરુ મહારાજોનો સત્સંગ સેવ્યો છે તમારે તો હવે કુદરતી અસંગ અનુષ્ઠાનનો યોગ પ્રાપ્ત થયો છે, તમારે કોઇની જરૂર જ પડવી ન જોઇએ. તમો પોતેજ તમારા આત્મા સાથે આત્માનંદ લઈ શકો તેવી તમારી પાસે મુડી છે.

દાદા સરળભાવથી બોલ્યા અમરચંદ તારી વાત સાચી છે પણ મારી યોગ અધ્યાત્મમાં ચાંચ ખુંચી નથી. સચિત્ર કર્પુરવિજયજી મહારાજે જ્ઞાનસ્તર ચ-અર્થ ૧૮ અષ્ટકનાં લખ્યા, પછીનાં મને લખવા આજ્ઞા કરી, તે વખતે જ્યારે યોગાષ્ટક લખવાનું આવ્યું, ધ્યાનાષ્ટક લખવાનું આવ્યું, ત્યારે મેં શ્રી મોતીચંદભાઇ ગીરધરલાલને તે લખવા જણાવેલ તું કહે તો-ગણિતાનુયોગ, કથાનુયોગ. ચરણાકરણાનુયોગ, આંગળીને વેઢે ગણાવી દઉં પણ દ્રવ્યાનુયોગ ગંભીર વિષય છે. ધ્યાન યોગમાં પ્રવૃત્તિ આ બધી પ્રવૃતિમાં ઓછી થઇ છે, હવે તું કાંઈ જાણતા હો તો જણાવ.

મેં જણાવ્યું દાદા તમોને એક સરળ માર્ગ આચાર્ય કેસરસૂરિએ દર્શાવેલ તે સમજાવું તમોએ સેવા પૂજા ખુબ જ કરી છે તેનું ફળ આ અવસ્થામાં મેળવવાનું છે. બોલો તમો અંતરચક્ષુથી કયા ભગવાને હ્રદયકમળ ઉપર તુરત સ્થાપન કરી શકો છો ? દાદાએ જણાવ્યું કે મને મોટા દેરાસરજીમાં જે આદીશ્વરભગવાન છે તે તુરત ધારણામાં આવી જાય છે, અને બીજા પૂજય વૃદ્ધિચંદ્રજી મહારાજની મૂર્તિ આવી જાય છે.

મેં જણાવ્યું દાદા તમારે જોવે તો બેઠાબેઠા, જોવે તો સુતા સુતા, દેહભાવ ભૂલી જઈને આત્મભાવમાં આસન કરી તમારા હ્રદયકમળના સિંહાસન ઉપર આદિશ્વર ભગવાનને બીરાજમાન કરવા તેઓ કમળ ઉપર બેઠેલા છે, તમો તેની સમીપે પદ્માસન વાળી બેઠા છો, તેમ ચીંતવવું પછી તમારે એ ભગવાનની સ્તુતી કરવી, અષ્ટપ્રકારી પૂજા કરવી, જે રીતે પહેલા કરતા તે રીતે માનસીક પૂજા કરવી, ઉપયોગમાં ધારણા બરાબર રાખવી, પછી એકાગ્રતા કરી તેની સમીપ બેસી કાઉસગ્ગ ધ્યાન કરવું, એ ધ્યાન તુટી જાય એટલે ભગવાન અદ્દશ્ય થઈ જાય. તમો પણ સુઇ જાઓ આરામ લઈ લ્યો શાંત નિદ્રામાં આત્માની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસન્નતાનો આનંદ અનુભવાશે. પછી ગુરૂનું આ બંધન લઇ તેની સેવા ભક્તિ વૈયાવચ્ચ કરવી આમ આ બંધન બદલાવી માનસીક ધ્યાન કરવાથી તમારો સમય સંવર નિર્જરા ભાવમાં પસાર થઇ જશે.

તેઓશ્રીને આ વાત બહુ ગમી ગઇ અને તેનો પ્રયોગ પણ શરૂ કરી દીધો. મહાન આત્મા હતા. ૮૦ વર્ષની ઉંમર હતી મારી ઉંમર ૩૫ વર્ષની હતી મેં નાનેમોઢે મોટી વાતો કરી છતાં દાદાની નિખાલસતાને સરલતા બાળક પાસેથી પણ જ્ઞાન લેવાની તેમનીવૃત્તિથી હું પ્રભાવીત થયો હતો.

પાંજરાપોળનો રિપોર્ટ સં. ૨૦૦૧નાં પોષ માસમાં પોષ્ટ કરીને હું દાદાને સાંજે મળવા ગયો. દાદા ખુશી થયા 'અમરચંદ તે મારે માથેથી મોટો બોજો ઉતાર્યો મને શાંતિ થઇ હવે બીજી વાત કહું જે ધ્યાન પ્રયોગ શરૂ કર્યો છે તેનાથી મને ખુબ જ શાંતિ મળી છે, હવે કોઈ આવે કે ન આવે તેની મને કાંઈ જરૂર પડતી નથી, મને સંતોષ થયો.

તેમના સ્વર્ગવાસના દિવસે સોમવાર હતો પોષ માસ હતો મારે સીહોર મારા મામાની તિથી ઉપર જવાનું હતું. એટલે સવારે મળવા ગયો ત્યાં તેઓ તેમની બેઠકની બાજુની રૂમમાં ધોતીયું ઓઢી એકલા સુતેલા, કોઇ પાસે ન હતું, મેં દાદાને જગાડયા નહી, તેમના પગ ઉઘાડા હતા. મને કુદરતી ભાસ થયો કે **દાદા આજે નથી** હું મધા સિવાય નીચે આવ્યો શ્રી નગિનભાઈના પત્નિને વાત કરી કે આજે દાદા આપણા નથી. તમારે કહેવરાવવું હોય તેને કહેરાવી દ્યો, દાદાને મળી જાય તેઓ જૈન સમાજના જ નહીં પણ ભાવનગરના દાદા છે. બેનને નવાઈ લાગી હું સીહોર ગયો રાત્રે સીહોર સમાચાર સાંભળ્યા કે શ્રી કુંવરજીદાદા બપોરે સ્વર્ગવાસ પામ્યા મારી ચક્ષુમાંથી અશ્રુ સરી પડયા.

ૐ શાંતિઃ

---

( નવમા પાનાનું ચાલુ )

વિગેરે ધર્મચર્ચા કરતા હતા. એ વખતે મંત્રિ કપર્દિ (કુડી વ્યવહારીયો) જે આર્યરક્ષિતસૂરિનો પરમ ભક્ત હતો અને સમયશ્રીનો પિતા હતો. તેણે આવીને ઉત્તરાસંગના છેડાથી ભૂમિનું પ્રમાર્જન કરીને સૂરિજીને વંદન કર્યું. વંદન કરવાની આવી પ્રાણાલિકાથી કુમાર પાલને આશ્ચર્ય થયું આથી તેણે હેમચંદ્રાચાર્યને પૂછ્યું કે આવી રીતે વસ્ત્રાંચલથી પ્રમાર્જન કરીને વંદન કરવાની વિધિ શું શાસ્ત્રોક્ત છે? કલિકાલ સર્વજ્ઞે તેને શાસ્ત્રોક્ત વિધિ તરીકે ઓળખાવતાં રાજાએ વિધિ પક્ષ ગચ્છને અંચલ ગચ્છ એવું સુચક નામ આપ્યું. ત્યારથી એટલે સં. ૧૨૨૧ થી અંચલ ગચ્છ નામ પ્રચલિત થયું. અને તેમાં સમયશ્રી પ્રથમ મહત્તરા સાધ્વી થઇ. જેમના પરિવારમાં ૧૦૨ મહત્તરા સાધ્વી, ૮૨ પ્રવર્તિની સાધ્વી. ૧૧૩૦ સાધ્વીઓ એમ સર્વે મળી ૧૩૧૪ સાધ્વીનો સમુદાય એમના પરિવારમાં હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંચલગચ્છના પ્રથમ મહત્તરા સાધ્વી સમયશ્રી.

(ગયા અંકનું ચાલુ) લેખક : શાહ કરમશી ખેતશી ખોના

હું એવી કઇ કરણી કરું કે જેથી દુર્ગતિ પ્રતિન જાઉં, તેથી સર્વજ્ઞ જિનેશ્વર દેવે નિસ્પૃહાથી બોધેલો ધર્મ ઉત્તમ શરણરૂપ જાણીને મન વચન અને કાયાના પ્રભાવવડે હે મુમુક્ષુઓ તેને વિવેક બુદ્ધિથી શ્રવણ, મનન નિદિધ્યાસ કરી આરાધો; એ વિધે આત્મ-શ્રેયને શોધો. અનાથરૂપ છો તો સનાથ થશો. એ વિના ભવાટવિની ભ્રમણામાં તમારો કોઈ સંગવારો નથી. અસ્તુ।' બિબુધ નગરી આચાર્યશ્રીની વાક્ પટુતાથી મંત્ર મુગ્ધ થઇ. સહારાની વિરાટ રણભૂમિમાં પાણી પાણીની રટણા કરતો, મૃગજળને પૂંઠે દોડતો જે કોઇ પરિકલાંત પથિક આચાર્યશ્રીની વાણી સાંભળેતો પાર્થિવ તૃષાની પરવા કર્યા વિના ત્યાંજ ઉભો રહી હૃદયની તૃષા છીપાવે; તો પછી વસુંધરાના સુંવાળા ખોળામાં મહાલતા લોકોની વાતશી !

કરોડ દ્રવ્યના હિરાના આભૂષણો ધારણ કરનારી સોમાઇ આચાર્યશ્રીની સંવેગ ભરેલી ધર્મ દેશના સાંભળી પ્રભાવિત થઇ. ત્યાંને ત્યાં તેના હૃદયનું પરિવર્તન થયું. સંસારના અસારપણાની તેને પ્રતીતિ થઇ. જેમ સ્વપ્નની એકે વસ્તુનું સત્યત્વ નથી તેમ મોહથી આચ્છાદિત સંસારની એકે વસ્તુનું સત્યત્વ નથી. જે સત્ય છે તે શાશ્વત છે એમ આજે તેને સમજાયું. મળ અને મૂત્રની ખાણરૂપ; રોગ વાર્ધક્ય આદિના નિવાસ સમી કાયા કે જેના પર તેને અત્યંત મોહ હતો તેના પરજ આજે તેને સૂગ ચડી ! અહં અને મમ માંજ રાચનારી, શરીરમાંજ નિત્યે અહંમતિ કરનારી પોતાની બુદ્ધિ પર તેને હસવું આવ્યું !

વિભ્રમનું તમિસ્ર અદ્રશ થયું. આત્મામાં જ્ઞાનનું નવું કિરણ પ્રવેશ્યું. જ્ઞાન-દર્શન ચારિત્રના શાશ્વત ધન આગળ કિંમતી હીરાઓ ઝાંખા લાગ્યા. એ નશ્વર પ્રકાશને તેણે તરતજ દૂર કર્યો પોતાની વહાલી પચ્ચીસ સખીઓ સહિત સોમાઇએ ત્યાંને ત્યાં દીક્ષા-લીધી ! શ્રી વિધિપક્ષ ગચ્છમાં તે સમય શ્રીનામે ૧૩૧૫ સાધ્વીમાં મુખ્ય મહત્તરા સાધ્વીજી થયા.

કુડી વ્યવહારીએ આચાર્યશ્રીના ઉપદેશથી પાટણમાં ભવ્ય જિનાલય બંધાવ્યું અને તેની મહોત્સવ સહિત પ્રતિષ્ઠા વિ. સં. ૧૧૮૫ માં કરાવી. તેમજ ત્યાં બાર કુવા તથા બાર વાવ પણશેઠે બંધાવેલ. સમયશ્રીની દીક્ષા પ્રસંગે પણ ઘણું દ્રવ્ય ખરચ કર્યું.

એક વખત મહારાજા કુમાર પાલની સભામાં હેમચંદ્રાચાર્ય, આર્યરક્ષિતસૂરિજી

( જુઓ ૮ મે પાને )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુહપતિ અને શરીરના પડિલેહણની પાંચ ગાથાઓ અને એનું સ્પષ્ટીકરણ

લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ

'મુહપત્તિ' (મુખવસ્ત્રિકા)એ ચતુર્વિધ સંઘ માટેનું મહત્વનું એક સાધન છે. એનો ઉપયોગ સામાયિક અને પ્રતિક્રમણ જેવી ધાર્મિક ક્રિયાઓમાં કરાય છે. એને લક્ષીને "મુહપત્તિના પચાસ બોલ" નામની એક કૃતિ ગુજરાતીમાં રચાયેલી છે. એનો રચના સમય તેમ જ એ કૃતિનું મૂળ જાણવા માટે આજે કેટલાંક વર્ષોથી હું પ્રયાસ કરૂં છું. એવામાં કેટલાક મહિના ઉપર શ્રી નારાયણજી શામજી મોમાયાએ મને સ્વ. ભીમસિંહ માણેકે સને ૧૯૭૫માં પ્રકાશિત નિમ્નલિખિત જીર્ણશીર્ણ પુસ્તક જોઈ જવા આપ્યું હતું

"શ્રીવિધિ પક્ષગચ્છીય શ્રાવકનાં દૈવસિકાદિક પાંચે પ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત."

આમાં પૃ૦ ૪૩-૪૬ માં મુહપત્તિ તથા શરીર પડિલેહણ ગાથા શીર્ષક પૂર્વક પાંચે ગાથા તેમજ ગુજરાતી અર્થ અપાયાં છે. આ ગાથાઓ નીચે મુજબ છે.

सुत्तत्थ तत्तदिट्ठी दसंण मोहतिग च रागतिगं ।<br>
देवाइतत्ततिगं तहय अदेवाइतत्ततिगं ॥ १ ॥<br>
नाणाईतिगं च तव्विराहणयं तिन्नि गुत्ति दण्डतिगं ।<br>
इय मुहणन्तग पडिलेहणाई कमसो विचिन्तिज्जा ॥ २ ॥<br>
हासो सा ? रईअरदतिगं भयसोगदुगन्छिआ य वज्जिजा<br>
मुयजुयले पेहन्तो सीसे अपसत्थलेसतिग । ३ ॥<br>
गारतिगं च वयणे उयरि सल्लतिगं कसायचक्क पिट्ठो ।<br>
पयजुअल छज्जीववहं तगुपेहाग विज्जागमिणं ॥ ४ ॥<br>
जईवि पडिलेहणाए हेक जियर कखणं जिणाणा य ।<br>
तइवि ईमं मणमक्कडनिज्जन्तणट्ठ मुणि बिन्ति ॥५॥

આ પાંચ ગાથાઓ સિત્તેર વર્ષ જેટલી તો પ્રાચીન છે જ. એનું મૂળ જાણવામાં આવે તો એની પ્રાચીનતા નક્કી કરાય.

સ્પષ્ટીકરણ–ઉપર્યુક્ત પહેલી બે ગાથામાં મુહપત્તિની પડિલેહણા (પ્રતિ લેખના)ના નિરીક્ષણના ૨ બોલ કહ્યા છે. મુહપત્તિને પહેલે પાસે સૂત્રનું અને બીજે પાસે અર્થનું તત્વ સમ્યક પ્રકારે હૃદયને વિષે ધરું અડસ ચિન્તવી મુહપત્તિને ઉકેલીને એનાં બંને પાસાં સર્વત્ર જોવાં, આ દષ્ટિ પ્રતિલેખના રુપ મુહપતિની પહેલી પ્રતિલેખના થઇ ત્યાર બાદ મુહપતિને ફેરવી બે હાથે એને પકડીને નચાવસવારૂપ ત્રણ ત્રણ ઉંચા પકખોડા (પ્રસ્ફોટક)-એકેક હાથે કરવા અર્થાત્ મુહપત્તિને ખંખેરવી તેમાં ડાબે હાથે કરતાં સમ્યકત્વ મોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય એમ દર્શનમોહનીયના ત્રિકને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણના સમુદાયને હું પરિહરું-ત્યાગ કરું એમ ચિન્તવવું જમણે હાથે મુહપત્તિ ખંખેરતી વેળા કામરાગ, સ્નેહરાગ, અને દૃષ્ટિરાગ એ રાગત્રિક હું પરિહરું છું એમ ચિન્તવવું આમ મુહપત્તિને ખંખેરવા આ એની છ પ્રતિલેખના થઈ.

પછી મુહપત્તિનું એક પડવાની એ મુહપત્તિના ત્રણ વધૂટક કરી એને જમણા હાથની આંગળીનાં આંતરામાં વચમાં ભરાવી હાથની ઉપર ત્રણ અકખોડા (આસ્ફોટ) અને ત્રણ પકખોડા કરવા મુહપત્તિને ઊંચી રાખી હાથને અડકે નહિ તેમ એને ત્રણવાર ખંખેરવી તે ત્રણ અકખોડા કહેવાય છે. જ્યારે ત્રણવાર પ્રમાર્જનારૂપ પસલીમાંથી મુહપત્તિને ઘસી કાઢવી તે ત્રણ પકખોડા કહેવાય છે આમ ૧૮ પ્રતિલેખના થાય અને છ ત્રિક થાય. એ વેળા શું શું ચિન્તવું તે હવે સૂચવાય છે.

દેવતત્ત્વ, ગુરુતત્વ અને ધર્મતત્વ એમ દેવાદિતત્વત્રિક હું આદરું ત્રણ અકખોડા હાથની ઉપર હાથને ન લાગે તેમ ત્રણવાર મુહપત્તિ ખંખેરીએ વળી કુદેવ, કુગુરૂ અને કુધર્મરૂપ અદેવાદિતત્વત્રિકને હું પરિહરું એ ત્રણ પકઆંગ હાથ ઉપર પ્રમાર્જવા હાથ ઉપર ઘસી કાઢવા.

જ્ઞાન, દર્શન અને ચરિત્ર એ જ્ઞાનાદિત્રિકને હું આદરૂં એ ત્રણ અકખોડા કરવા હાથની ઉપર ત્રણવાર મુહપત્તિને ખખેરવી તેમજ જ્ઞાનાદિત્રિકની વિરાધના હું પરિહરૂં એમ ચિન્તવતાં ત્રણ પકખોડા કરીએ મુહપતિને ત્રણવાર ઘસી પૂંજવી.

ત્રીજી વારના અકખોડામાં મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ ગુપ્તિત્રિક હું આદરૂં એમ ચિન્તમાં હાથ ઉપર મુહપત્તિ ત્રણવાર ખંખેરવી,, ત્રીજા ત્રણ અકખોડામાં મનોદંડ, વચનદંડ અને કાયદંડ એ દંડત્રિકને પરિહ હું એમ ચિન્તવવું

આ પ્રમાણે સુદેવાદિકત્રિકથી માંડીને ત્રણ ત્રિક ત્રણ અકખોડા આદરવાથી અને ત્રણ પકખોડાના ત્રણત્રિકનો ત્યાગ કરવાથી મુહપત્તિની હાથ ઉપરની ૧૮ પ્રતિલેખના થઇ. એમાં અગાઉ કરેલી સાત ઉમેરતાં ૨૫ થઇ ને મુખામન્તક અથાત્ મુહપત્તિની ૨૫ પ્રતિલેખના અનુક્રમે મનમાં ચિન્તવી, હવે હવે **શરીરની ૨૫ પ્રતિલેખના**— કયા કયા અવયવની કેટલી કેટલી વાર પ્રતિ લેખના કરવી તે ત્રીજી અને ચોથી ગાથામાં કહ્યુ છે. સૌથી પ્રથમ બે ભૂમિઓની પ્રતિલેખના કરાય છે. ડાબા હાથની ભૂમિની પ્રતિ લેખના કરતી વેળા હાસ્ય, રતિ અને અરતિના ત્રિકને પરિહરું એમ ચિન્તવવું. અને જમણા હાથની ભૂમિની પ્રતિલેખના કરતી વેળા ભય, શોક અને જુગુપ્સા એ ત્રણને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિહરું એમ ચિન્તવવું. આમ બે ભૂમિની છ પ્રતિલેખના થઈ.

મસ્તાની ત્રણ પ્રતિલેખના વખતે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા એ ત્રણ અપ્રશસ્ત લેશ્યા પરિહરું છું એમ ચિન્તવવું.

પછી મુખની ત્રણ પ્રતિલેખના કરતાં ઋદ્ધિ ગૌરવ, રસગૌરવ અને શાતાગૌરવ એમ ગૌરવત્રિક હું પરિહરું છું એમ ચિન્તવવું.
ઉદરથી હૃદયની ત્રણ પ્રતિલેખનાના સમયે માયાશલ્ય. નિદાનશલ્ય અને મિથ્યાત્વશલ્ય એ શલ્યત્રિકને પરિહરું છું એમ ચિન્તવવું.

પૂંઠની બે બાજુના બે પાસાની પ્રતિલેખના કરતી વેળા એકેક પાસે બંનેને પૂંજતો ક્રોધ, માન, માયા અને લોભ એ કષાયચતુષ્ટને હું પરિહરું છું એમ ચિંતવવું.

પદયુગલની એટલે બે પગની પ્રતિલેખના કરતાં એકેક પગને ત્રણ ત્રણ વાર પૂંજતો પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય વનસ્પતિકાય અને ત્રસાકાયની એમ છ પ્રકારના જીવોને વચને હું પરિહરું છું એમ ચિન્તવવું.

આમ બે ભુમિની ૬, મસ્તકની ૩, મુખની ૩, હૃદયની ૩, પૂંઠના બંને પાસાંની મળીને ૪ અને બંને પગની ૬ એમ ૨૫ શરીરની ૨૫ પ્રતિલેખના જાણવી.

જો કે પ્રતિલેખનાનો હેતુ ભવ્ય જીવને જીવની રક્ષા કરવાનો છે. એવી જિનાજ્ઞા છે તો પણ અનુરૂપ મર્કટને નિયંત્રિત કરવા માટે એ છે એમ મુનિઓ કહે છે. આમ પાંચમી ગાથામાં કહ્યું છે સૌથી પ્રથમ સદ્દહું-શ્રદ્ધા કરૂંથી પચાસ બોલની શરૂઆત કરાય છે. પછી મુખ્યત્વે અમુક અમુક ત્રિકોને અને એક ચતુષ્કને પરિહરૂં અને આદરું અમુક ત્રિકોને અને છ કાયની રક્ષા કરૂં એવી બાબતો રજૂ કરાઈ છે. તેઓ દર્શનમોહનીય, રાગ, કુદેવાદિ, જ્ઞાનદિ, દંડ, હાસ્યાદિ, ભયાદિ, અપ્રસ્ત લેશ્યા, ગારવ અને શલ્ય એમ દસને લગતાં ત્રિકો તેમજ એક ચતુષ્ક અને છ કાયજી બની વિરાધના પરિહરવા તેમજ સુદેવાદિ, જ્ઞાનાદિ, અને ગુપ્તિ એમ ત્રણને અંગેનાં ત્રિકો આદહું આ ૩૦+૪+૬+૯=૪૯ બોલને પ્રસગ્રહણારૂપ બોલમાં ઉમેરતાં ૫૦ થાય છે. પુરૂષાદિની કાયિક પ્રતિલેખના પુરૂષોને અલખવોની પચ્ચીસે પ્રતિલેખના હોય, સાધ્વીઓનું મસ્તક પ્રતિક્રમણ કરતી વેળા ન આડું હોય લેખના એમને હોય પરંતુ છાતી બે પાસાં એટલે બે ખભા અને બે બગલો ઢાંકેલાં હોય એટલે એ અવયઓની અનુક્રમે ૩+૨+૨=૭ પ્રતિલેખના ન હોય આથી એમને ૧૮ પ્રતિલેખના હોય જયારે શ્રાવિકાઓનું મસ્તક ઢાંકેલું હોઈ એને એ ત્રણ પણ ન હોય એટલે કે શ્રાવિકાઓને તો ૧૫ પ્રતિલેખના હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચ આશય સ્વરૂપ :–

મુનિ વિવેકચંદ્રવિજય મ. સા.–ટીંબાચુડી

આત્માનું સ્વરૂપ, મૂળ પ્રાપ્તિ રૂપ ફળ તે પરિણામોના ભેદો પૈકી આશય જ્યાં મન–વચન અને કાયાની ચેષ્ટા વ્યાપાર. તે ભાવ વિનાની માત્ર અસાર દ્રવ્ય ક્રિયા જાણવી માટે उपयोगः તે ક્રિયાનું પવિત્ર ધ્યાન, તે ધર્મનું સ્વ આત્મ લક્ષણ છે. चितं चासौ प्रसश्च सन्कि प्रमव. તે ચિત્ત–મનથી જે ઉત્પન્ન થાય તે ધર્મ જે પ્રતિપેધ રૂપ ક્રિયા મનથી જ પ્રવર્તે છે તે ક્રિયાનું અધિકરણ–સ્થાન સાધન દેહ શરીર છે અને તેનું પ્રેરણે મન છે કુ ભોજનની સમાન દીર્ઘકાલિક અભ્યસ્ત મિથ્યાત્વાદિ પાપોને જે અમૃત–ભોજનની તુલ્ય સમ્યક્ત્વાદિ સ્વરૂપને ઇષ્ટ માનતો નથી જે કુહાડો છે, તે અધિકરણ સાધન જ હાંડાનો સંગ કરીને તેના જાતિભાઈ વૃક્ષો–વનને કપાવે છે તેમ શરીર અધિકરણથી મન પ્રારંભથી આત્માને બાળે જણાવે છે. પ્રયત્ન ત્રણ ભેદથી જાતિકક્ષાએ પ્રવૃતિ કરી શકે છે

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः, प्रारभ्य विघ्नविहत विरमंति मध्यमाः । विघ्नोः पुनः पुनरपि प्रतिहन्यमानाः प्रारभ्य उत्तमजना न परित्यजन्ति તેમ ઉત્તમ જનોની અપેક્ષાએ દૃષ્ટાંત સાર ગ્રહણ કરવા યોગ્ય વ્યવહાર. જે શ્રેય કલ્યાણકારી છે. ધર્મનું લક્ષણ સર્વ શાસ્ત્રો વડે અતિશુદ્ધ હોય તેમજ આદિ–મધ્ય અને અંતે યદાદિ મધ્યાંત कल्याणम् જેમાં કલ્યાણ કુલને જ અર્પણ કરે છે જે છએ દર્શનશાસ્ત્રોની નિચોડ રૂપ, સુવર્ણ જેવું તપ–છેદ ઘર્ષણની કસોટીદ્વારા શુધ્ધ હથોડા વડે ઘણું યે કૂટે છતાં પણ ખંડિત ન થાય તેવું सर्वागम परिशुद्धं सर्व પ્રકારે શુધ્ધ નિર્દોષ તથા સ્વીકાર્ય હોય, જેનું મોડક કે સાકર લક્ષણથી નિતાન્ત તેનું.

धर्मश्चित्त प्रमवो यतः क्रियाधिकराश्रयं कार्य ।
मलविगमे नैतरखलु पुष्टयादिमदेपु विनेयः ।

શ્રીમાન હરિભદ્રસુરિ મ.સા સ્વરૂપ દર્શક પાંડવર્ષમાં જણાવે છે કે નિશ્ચયેન રાગ જે રંજનનું કારણ છે, તેવાં દ્રુપ તે કાંપનું મોહતે માયા મમત્વનું, કષાયતે મૂર્છાનું પ્રમાદ વ્યસન તે આ સક્તિ પૂર્વકનું આદિથી રહિત જે મળોથી અને પુષ્ટિ તથા શુધ્ધિમય એવું જેનું ચિત્ત તેજ ધર્મ योग श्चितवृत्ति निरोधः । જેમાં માર્ગાનુસારી પણું સંભવે પરંતુ અભવ્ય કે મિથ્યાત્વી દુર્ભવ્યમાં સંકલ્પ પુર્વક જે વિહિતા ચરણ તેનું નિષિધ્ધ ત્યાગ રૂપ ન જ સંભવે સિંહનું બચ્ચું પણ શિયાળ–ઘેરા ભેગું ઉછરે તેવું વિષય વિકાર ભાગમાં આત્મા પોષાય તેવું જ્યારે ૧૦/૧૪ પુર્વના અભ્યાસી ભવ્ય તે અન્ય સિંહને જોતાં જાણે તેમ ચિત્તની તથા શુધ્ધિ બને છે.

मीक्षेक योजनात् योग: જે ક્રિયાના અનુબંધ ( તે પૃષ્ટિ તથા શુધ્ધિ ) નદી ગોળ ન્યાયે ગ્રંથી ભેદ યથાપ્રવૃતિ કરણ બાદ અપુર્વકરણ પ્રકારના પરાક્રમથી ભેદી નાખીને અનિવૃત્તિ અંતરકરણ કરે છે.

ભેદો વડે અસંખ્ય આશયો છે. તે અનેકાંત પક્ષથી પ્રાયે આ પાંચમાં જ સમાવેશ થાય છે. પરમાર્થનો લાભ તે પૃષ્ટિ અને શુધ્ધિનો અનુબંધ પ્રવર્તે છે.

( ક્રમશઃ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનોના પર્વો અને તેનો ટુંકો ઇતિહાસ

**૧ બેસતું વર્ષ કારતક સુદ ૧** એને દીવાળી ઉર્ફે દીપાલિકા પર્વના નામથી ઓળખવામાં આવે છે. આગલા વર્ષના આસો વદ અમાવાસ્યાની રાત્રે મહાવીર સ્વામી મુકિત ગયા અને ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન ઉપજ્યું તે નિમિતે જૈનો એને દીવાળી તરીકે ઉજવે છે અને ભાવ ઉધોતરૂપી મહાવીર ભગવાન નિર્વાણ પામ્યા તેથી દ્રવ્ય ઉધોત તરીકે તે દિવસે ભવ્ય દીવા પ્રગટાવવામાં આવે છે અન્ય ધર્મીઓ એ દિવસે નવા વર્ષ તરીકે ઉજવે છે. આ દિવસે દરેક શહેરના જૈનો પોત પોતાના ગામો કે મંદિરો વિ. ના દર્શન કરવા જાય છે

**૨ કારતક સુદ પાંચમ** જૈનો આ પર્વને જ્ઞાન પંચમી તરીકે ઉજવે છે. જૈનેતરો એ પર્વ સૌભાગ્ય પાંચમ લાભ પાંચમ વિ. તરીકે ઉજવે છે જૈનોએ દિવસે જ્ઞાનની પૂજા કરે છે અને જુના હસ્તલિખિત પુસ્તકો વિ.નું પૂજન કરે છે. એ દિવસે વ્યાખ્યાનમાં વરત ગુણ મુંજરાની કથા કહેવામાં આવે છે. બપોરે જ્ઞાનપંચમીના દેવ પણ વંદાય છે. જ્ઞાનની આરાધના અને વિરાધના ફળોનો અને પરિપાકોની સમજણ આપવામાં આવે છે.

**૩ કારતક સુદ ચૌદશ** જૈનોએ જૈનેતરોની માફક વર્ષના ત્રણ વિભાગો માન્યા છે. તેમજ કારતક, ફાગણ અને અષાડ મહિના એમ કરીને ત્રણ વિભાગો પાડયા છે અષાડ સુદ ૧૪ થી કારતક સુદ ૧૪ સુધી જૈનોના સાધુઓ એકજ ઠેકાણે ચાતુર્માસ ગાળે છે. જૈનેતર સાધુ સંન્યાસી પણ મોટે ભાગે એજ પ્રમાણે કરે છે. જૈનેતરો કારતક સુદ ૧૧ ને મોટા પર્વ તરીકે દેવઊઠી અગીયારસ તરીકે માને છે. જ્યારે જૈનો કારતક સુદ ૧૪ અને ૧૫ ને મોટા પર્વ તરીકે માને છે. કારતક સુદ ૧૪ ના રોજ તપશ્ચર્યા વિ. કરવામાં આવે છે અને પ્રતિક્રમણ વિ. કરવામાં આવે છે દેવ વંદનો કરાય છે એ દેવ વંદનો જુદા જુદા રચનાઓના બનાવ્યા છે આ દિવસનો જૈનો મૌન ચૌદશ તરીકે માને છે

**૪ કારતક સુદ ૧૫** કારતકી પૂનમ તરીકે ઓળખાય છે. એ પર્વ જૈનો તેમજ જૈનેતરો મોટા પર્વ તરીકે માને છે જૈનેતરો પોત પોતાના મંદિરોમાં જાય છે અને ગુરૂઓનું પૂજન વિ. કરે છે. ત્યારે જૈનો એ પર્વને મહાન અને ઉત્તમ પર્વ તરીકે માને છે. ખાસ કરીને પાલીતાણા તીર્થમાં એ દિવસ મોટો મેળો ભરાય છે. ચતુર્માસમાં વરસાદ વિ ના કારણે સિદ્ધગિરિ ઉપર ચડીને જાત્રા કરવાની બંધ હોય છે તે એ દિવસે પાછી શરૂ થાય છે તેની ખુશાલીમાં જૈનો ઠેર ઠેર પોતાના શહેરોમાં અને ગામોમાં એ પર્વ ઉજવે છે. એજ દિવસે સાધુ–સાધ્વીજીઓના ચાતુર્માસો મનવાય છે અને બીજુ ખંડીયા વિ.નું ભાથું અપાય છે આ દિવસ પછી પડવાના દિવસે જૈનો ભાજી પડવા તરીકે ઓળખે છે (ભાજી પાલો વિ. ખાવાંની છુટ મળે છે તેથી)

 (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઉપદેશક કથાસંગ્રહ (૧) ધર્મદત્ત અને સુરૂપાની કથા

[ કુમિત્ર અને સ્ત્રીચરિત્ર વિષે ]

---

આ ભરતક્ષેત્રમાં વાણારસી નગરી અપૂર્વ શોભાને ધારણ કરતી હતી. એ નગરીમાં મહાબલ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં રાજાને પણ માનવા યોગ્ય, લક્ષ્મીએ કરીને બીજો કુબેર હોય તેવો અને દ્રવ્ય મેળવવાના ઉપાયમાં ચતુર **યશોધર** નામે શ્રેષ્ઠી રહેતો હતો. જેમ ગિરીશને ગૌરી હતી તેમ યશોધર શ્રેષ્ઠીને **મનોરમા** નામે પ્રિયા હતી, જેના સંગમવડે યશોધર પોતાનો કાળ સુખમાં વ્યતીત કરતો હતો. એવી રીતે યુગળીઆની પેઠે પુત્રરહિતપણે તેમનો ઘણો કાળ ગયો. અનુક્રમે સુકૃતના પ્રભાવે **ધર્મદત્ત** નામે તેમને પુત્ર થયો. યોગ્ય વયે તેને ભણાવી, યુવાવસ્થામાં તે જ નગરના શ્રીશેષ શ્રેષ્ઠીની સુરૂપા નામની કન્યા સાથે તેનાં લગ્ન કર્યાં. પિતાની મહેરબાનીથી દુકાનના વ્યાપારરોજગારથી દૂર રહેતો ધર્મદત્ત પત્ની સાથે રાત્રિદિવસ ભોગ ભોગવવામાં જ સમય નિર્ગમન કરવા લાગ્યો.

એક દિવસ પુણ્યવૃક્ષનાં પાકેલાં ફળની માફક સુશોભિત અલંકાર ધારણ કરીને ધર્મદત્ત સરખે સરખા મિત્રોની સાથે શહેરમાં ફરવા ગયો માર્ગમાં તે અનેક પ્રકારની ક્રીડા કરતો ચાલ્યો જતો હતો. કસ્તુરીયા મૃગની માફક તેને સુગંધયુક્ત જોઇને લોકો જેમ ગમે તેમ બોલવા લાગ્યા. કોઇ તેના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા-" અહો ! જોયું એનું આ અદ્ભુત ભાગ્ય ! કે જેના પ્રભાવે જન્મે મનુષ્ય છતાં તે દેવની માફક ઋદ્ધિ ભોગવે છે."

બીજાઓ બોલ્યા-" એમાં એની શું પ્રશંસા કરો છો કે જે પિતાએ સ્વીકાર કરેલી ઉપાર્જન કરેલી લક્ષ્મીને માતાની માફક ભોગવે છે ! પ્રશંસા તો એના તાતની કરવી કે જે એવો વ્યય સહન કરે છે, કેમકે **કિલબ** પુત્ર પણ પિતાને તો પ્રિય હોય છે"

એ પ્રમાણે લોકશ્રુતિ સાંભળતો ધર્મદત્ત વિચારમાં પડયો કે-"परोक्तेपु पूर्वोक्तान्मान्य इति न्याय:" વૈયાકરણી લોકો " પૂર્વે કહેલ કરતાં પછી કહેલ માન્ય રાખવું " એવો ન્યાય માને છે, માટે જગતમાં સત્યવાદી ઉપર શું કોપ કરવો ? સાચું કહેનાર તો દુર્લભ હોય છે. યુવાવસ્થામાં પિતૃધનનો વ્યય કરનાર હું પણ એ ન્યાય નથી જાણતો. પિતાનો વૈભવ કોના માટે છે ? જે કાણો હોય, અંધ હોય કે પાંગળો હોય-એવી ખોડખાંપણવાળો કાંઇ પણ વ્યવસાય કરવાને અશક્ત હોય એ જ પિતાના વૈભવનો ઉપયોગ કરે. અન્યથા તો તેને અપયશરૂપી લતાના અંકુર સમાન સમજવો " એવા વિકલ્પરૂપ પ્રચંડ વાયુવડે ક્ષોભાયમાન તેના ચિત્તરૂપી સમુદ્રને વિષે ધન ઉપાર્જન કરવાની આશારૂપી ઉદ્ધત કલ્લોલ ઉત્પન્ન થયા. તરત જ ધર્મદત્ત પોતાના મકાને આવી પિતાને વિનંતિ કરવા લાગ્યો:-" પિતાજી ! લક્ષ્મીની ઇચ્છાએ હું દૂર દેશાંતર જવાને ઇચ્છું છું, માટે મને રજા આપો."

(ક્રમશ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No Reg. B.V.-37

( ગયા અંકથી ચાલુ )

## વિશ્વમાન્ય ધર્મ

( દોહરા )

શુકલધ્યાને પરિગ્રહ ગણે
સ્વ પર હિંસા વિલસ
કેવળી છદ્મસ્થ જુઓ
હિંસ અહિંસાદિ ભાસ ૧૫૯

ધર્મ દયાને રક્ષણ કરે
સ્વ.પર અહિંસા વિલાસ
આર્ત રૌદ્ર દયાને કરે
સ્વ.પર હિંસા નિવાસ ૧૬૦

અહિંસે અહિંસે ફેર છે.
કેળળીને છદ્મસ્થ
મધ્યાન સૂર્ય સમકેવળિ
પ્રભાત સમ છદ્મસ્થ ૧૬૧

હિંસા હિંસામાં ફેર છે
કેવળીને છદ્મસ્થ
પ્રભાતસૂર્ય સમસમ કેવળિ
મધ્યાન સમ છદ્મસ્થ ૧૬૨

મન અહિંસા ભાવની
વાચા અહિંસા મૌન
કાપ અહિંસા આસને
આસન અહિંસ ધ્યૌન ૧૬૩

અહિંસા મન વાચાતણી
વાચા અહિંસા કાપ
કાપ અહિંસા અભયની
અભય અહિંસા રહાય ૧૬૪

રચયીતા : શાહ ચતુર્ભુજ હરજીવનદાસ. ( ક્રમશઃ )

## ※ સ્થાનિક સમાચાર ※

સ્વ. કુંવરજીભાઈ આણંદજીની ત્રીશમી સંવત્સરી દીન નિમીત્તે પોષ સુદ ૧૧ ને શુક્રવારના રોજ સભાનાં હોલમાં પ્રભુજી પધરાવી પાર્શ્વનાથ પંચ કલ્યાણની પુજા શેઠ શ્રી છોટાલાલ નાનચંદ તથા બેન જશકુંવરબેન કુંવરજી તથા શેઠશ્રી પોપટલાલ સાકલચંદ તરફથી ભણાવવામાં આવી હતી.

પ્રકાશક : જયંતિલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only